**ગુજરાત સરકાર**
વન અને પર્યાવરણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧/૦૫/૨૦૨૫

**અધિસૂચના ક્રમાંક:FED/MSM/e-file/6/2024/0194/D**

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક:૧૨/૨૦૨૨-૨૩ અન્વયે લેવાયેલ મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ ની જગ્યાઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાના તા.૦૫/૧૦/૨૦૨૪, તા.૨૧/૧૦/૨૦૨૪ અને તા.૨૮/૦૨/૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ કરાયેલ પરિણામના આધારે ગુજરાત જાહેર સેવા આયોગના તા.૨૨/૦૧/૨૦૨૫ ના પત્ર ક્રમાંક: CCE-2022-922(4)-EX-1 અને તા.૦૭/૦૩/૨૦૨૫ ના પત્ર ક્રમાંક: CCE-2022-922(5)-EX-1 થી વન અને પર્યાવરણ વિભાગના વહીવટી તંત્ર હેઠળની મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ ની જગ્યાએ સીધી ભરતીથી નિમણૂંક માટે ફાળવણી કરવામાં આવેલ.

તદનુસાર કુ. સોનલ રાજપૂત (મેરિટ ક્રમાંક-૧૩/એ)ને મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ (ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ ના પે મેટ્રિક્ષ મુજબ લેવલ-૯ (₹૫૩,૧૦૦-૧,૬૭,૮૦૦))ની જગ્યાએ અજમાયશી ધોરણે તદ્દન હંગામી અને કામચલાઉ નિમણૂંક આપવામાં આવે છે.

**૨. અજમાયશી ધોરણે આ નિમણૂંક નીચેની શરતોને આધિન રહેશે.:-**

(૧) મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ની જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો મુજબ તેમની નિમણૂંક ૦૨ (બે) વર્ષ માટે અજમાયશી તરીકે રહેશે. આ ઉમેદવારે ભરતી નિયમો અનુસાર ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ મંત્રાલય દ્વારા નિર્ધારીત ડીગ્રી અથવા ડીપ્લોમા સર્ટીફીકેટ ઇન ફોરેસ્ટ્રીની ડિપ્લોમાની તાલીમ માટે સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવે તે સંસ્થા ખાતે તાલીમ માટે સ્વખર્ચે હાજર થવાનું રહેશે. આ માટે કરેલ પ્રવાસ માટે કોઈપણ પ્રકારનું પ્રવાસભથ્થું મળવાપાત્ર થશે નહિ. તાલીમ માટે હાજર થવાની તારીખ અને સ્થળ હવે પછી જણાવવામાં આવશે.

(૨) અજમાયશી સમયગાળા દરમિયાન સરકારશ્રી દ્વારા માન્ય સંસ્થામાં ફોરેસ્ટ્રીને લગતો ૦૨ (બે) વર્ષનો કોર્ષ કરવાનો રહેશે અને ડીપ્લોમા કે ડીગ્રીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(૩) ઉપર મુજબ તાલીમમાં હાજર થયાની તારીખ તેમની નિમણૂંકની તારીખ ગણાશે. નિયત સમયમર્યાદામાં હાજર થયેલ ઉમેદવારોની અંદરો અંદરની પ્રવરતા, ગુજરાત જાહેર સેવા આયોગની પસંદગી યાદીના તેમના મેરીટ ક્રમાંક મુજબ રહેશે.

(૪) સંબંધિત ઉમેદવારે તાલીમ માટે હાજર થવામાં નિષ્ફળ નિવડશે તો તેઓ મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ તરીકે જોડાવા ઈચ્છતા નથી તેવું સ્પષ્ટપણે માની લઈને, તેઓની નિમણૂંક રદ્દ ગણવામાં આવશે. સિવાય કે, તેઓના કાબૂ બહારના હોય તેવા અસાધારણ સંજોગો/કારણોના વાજબીપણાના આધાર પુરાવા સહીત સરકારશ્રીને ખાતરી થતાં નિયત તારીખ બાદ હાજર થવાની પરવાનગી આપવામાં આવે. આવા પ્રત્યેક કિસ્સામાં પ્રવરતા અંગે ગુણદોષના આધારે સક્ષમ સત્તાધિકારી દ્વારા પ્રવરતા અંગેનો નિર્ણય લેવામાં આવશે.

(૫) સંબંધિત ઉમેદવારની અજમાયશી સમય દરમિયાનની સેવા સરકારને સંતોષકારક નહિ જણાય તો અજમાયશી સમય દરમિયાન કોઈ પણ નોટીસ આપ્યા સિવાય તાત્કાલિક અસરથી નોકરીનો અંત લાવવામાં આવશે. એટલે એ રીતે અજમાયશી સમય દરમિયાનની સેવા તદ્દન હંગામી અને કામચલાઉ ગણાશે.

(૬) નિમણૂંક આપવામાં આવેલ ઉમેદવારને અજમાયશી સમયગાળા દરમિયાન મળવાપાત્ર પગાર–ભથ્થાનો ખર્ચ, તાલીમમાં હાજર થયા તારીખથી વહીવટ વિભાગ દ્વારા ઉભી કરવામાં આવેલ સંખ્યાધિક જગ્યાઓ ઉપર પાડવાનો રહેશે. આ પ્રકારની વ્યવસ્થા માત્ર અજમાયશીઓને તાલીમ દરમિયાન પગાર–ભથ્થાની ચુકવણી થઈ શકે તે માટે જ છે.

(૭) "અજમાયશી સમયગાળા દરમિયાન ઉમેદવારે મદદનીશ વન સંરક્ષક, વર્ગ–૨ની જગ્યા માટે લાગુ પડતા પગાર–ધોરણમાં (ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ ના પે મેટ્રીક્ષ મુજબ લેવલ–૯ (₹૫૩,૧૦૦–૧,૬૭,૮૦૦))ના ન્યુનત્તમ તબક્કે તથા નિયમોનુસાર અન્ય ભથ્થા મળવાપત્ર થશે અને તેઓ અજમાયશીની સમગ્ર મુદ્દત દરમિયાન તે પગાર મેળવશે. તે મુદ્દત દરમિયાન તેમને કોઈ ઈજાફો મળવાપાત્ર રહેશે નહિ." અજમાયશી મુદ્દત સંતોષકારક રીતે પૂર્ણ થયે તેઓને નિયમિત નિમણૂંક આપતા હુકમો કરવમાં આવશે અને ત્યાર બાદ જ તેઓને સામાન્ય દરે ઈજાફા મંજૂર કરવામાં આવશે.

(૮) સંબંધિત ઉમેદવારને અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફૉરેસ્ટ ફોર્સની કચેરી દ્વારા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૧૨/૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક:સીડીઆર–૧૧૮૬–યુઓ–૨૨૪૪–ગ.રની સુચનાઓ મુજબ નિયત થયેલ નમૂનામાં "ભારતના સંવિધાનને વફાદાર રહેવાના તેમજ તેના પ્રત્યે નિષ્ઠા દર્શાવતા" સોગંધ લેવડાવ્યા બાદ તાલીમમાં હાજર કરવાના રહેશે. સોગંધ લીધા સિવાય કોઈપણ અધિકારીને હાજર થવા દેવામાં આવશે નહીં. લીધેલ સોંગધપત્ર સેવાપોથીમાં જાળવવાના રહેશે તથા તેની એક નકલ મૂલ્યાંકન અહેવાલની ફાઈલમાં રાખવાની રહેશે.

(૯) સંબંધિત ઉમેદવારે ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ના તબીબી પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. આ પ્રમાણપત્રોમાં તેઓની મદદનીશ વન સંરક્ષક, વર્ગ–૨ તરીકેની સરકારી સેવામાં નિમણૂંક માટેની યોગ્યતા અંગે કશું વિરુદ્ધ નહીં હોવાની શરતે તેમજ, શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર રજૂ કરવાની શરતને આધિન રહીને તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે આ નિમણૂક આપવામાં આવે છે. આ અંગેની લેખિત બાંહેધરી તેઓએ વન અને પર્યાવરણ વિભાગ સમક્ષ દિન–૧૦ માં આ સાથે બિડેલ બાંહેધરી પત્રક **પરિશિષ્ટ–૧** માં આપવાની રહેશે.

(અ) શારીરિક યોગ્યતા– મેડીકલ બોર્ડના તબીબી તપાસના પ્રમાણપત્રોને આધીન રહેશે.

(બ) જે કોઈ અધિકારી તબીબી તપાસમાં અયોગ્ય (Unfit)જાહેર થશે તો તેઓની નિમણૂક રદ્દ કરવામાં આવશે.

(૧૦) અજમાયશી અધિકારીની કામચલાઉ નિમણૂક સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૦૧/૧૯૬૯ તથા તા.૧૨/૦૧/૧૯૭૦ના પરિપત્ર ક્રમાંક: પીએસી/૧૦૬૮/જી તેમજ તા.૧૯/૦૯/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:વીસીએ/૧૦૨૦૧૬/૪૨૯૪૭/ગ.૨ ની જોગવાઈ અનુસાર સંબંધિત સત્તાધિકારી પાસેથી મેળવવાના રહેતા ચારિત્ર્ય, વર્તણૂંક અને પૂર્વ વૃત્તાંત પ્રમાણપત્રમાં કશું વિરૂદ્ધ નહીં હોવાની શરતોને આધીન રહેશે. આ નિમણૂક સંબંધે વન અને પર્યાવરણ વિભાગ સમક્ષ પ્રમાણપત્ર ચકાસણી વખતે

અધિકારીએ રજૂ કરેલ સ્વ–કબુલાતનામામાં ચારિત્ર્ય અને પૂર્વ–ઈતિહાસની ખરાપણાની આપેલ ખાતરી ખોટી ઠરશે તો પણ તેઓની નિમણૂંક રદ થવા પાત્ર રહેશે.

(૧૧) સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નિયમાનુસારની પૂર્વસેવા, ખાતાકીય પરીક્ષા જેવી તમામ પરીક્ષાઓ પાસ કરવાની રહેશે તેમજ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈ મુજબ તેમજ સરકારશ્રીના વખતો વખતના નિયમોનુસાર ગુજરાતી કે હિન્દી અથવા બન્ને ભાષા પરીક્ષા પણ પાસ કરવાની રહેશે.

(૧૨) સંબંધિત ઉમેદવારે ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો–૨૦૦૬ ની જોગવાઈ અનુસાર અજમાયશી સમય દરમિયાન CCC+ ની પરીક્ષા પાસ કરવાની રહેશે. આ સમય દરમિયાન જો તેઓ આ પરીક્ષા પાસ નહીં કરે તો તેઓનો અજમાયશી સમય લંબાવવામાં આવશે અને આ લંબાવેલ સમય દરમિયાન પણ તેઓ જો આ પરીક્ષા પાસ નહીં કરે તો તેમની સેવા સમાપ્ત કરવામાં આવશે અને ઉક્ત પરીક્ષા પાસ કર્યે તેઓને સેવામાં પરત લેવાની વિચારણા કરવામાં આવશે. તે મતલબની બાંહેધરી ઉમેદવારોએ તાલીમમાં હાજર થતાં પહેલા વન અને પર્યાવરણ વિભાગ ખાતે આ સાથે સામેલ **પરિશિષ્ટ–૧** મુજબ આપવાની રહેશે.

(૧૩) મદદનીશ વન સંરક્ષક, વર્ગ–૨ તરીકે સીધી ભરતીથી નિમણૂંક મેળવનાર ઉમેદવાર માટે તાલીમ, તાલીમાન્ત પરીક્ષા તેમજ ક્ષેત્રિય તાલીમ કાર્યક્રમ જે નક્કી કરવામાં આવે તે તમામ અજમાયશીઓને બંધનકર્તા રહેશે.

(૧૪) આ ઉમેદવારે સરકારશ્રી દ્વારા નિયત કરેલ વિવિધ પરીક્ષાઓ નિયત કરેલા સમયમાં અને નિયત તકોમાં પાસ કરવામાં નિષ્ફળ જશે અને/અથવા જો અજમાયશી સમય દરમ્યાનની કામગીરી અંગે ઉપરી અધિકારીઓએ મોકલાવેલા અહેવાલના આધારે જો તેમની કામગીરી સંતોષકારક નહિ જણાય તો–

(૧) અજમાયશી સમય દરમ્યાન કોઈ પણ નોટિસ આપ્યા વગર તાત્કાલિક અસરથી નોકરીનો અંત લાવવામાં આવશે. આમ, અજમાયશી સમય દરમ્યાનની સેવા તદ્દન હંગામી અને કામચલાઉ ગણાશે.

અથવા

(૨) અજમાયશી મુદ્દત લંબાવવાના પ્રસંગ ઉપસ્થિત થયે જે તે કેસના ગુણદોષના આધારે વિચારણા કરવામાં આવશે.

(૧૫) ઉમેદવારે આ સાથે બીડેલ પરિશિષ્ટ–૨ અને ૩ મુજબના જામીનખતના નિયત નમૂનામાં લેખ/કરાર કરવાનો રહેશે, જે કરાર પ્રમાણે તેઓ (ક) ઠરાવેલો તાલીમ અભ્યાસક્રમ પૂરો કરી ન શકે અથવા (ખ) સેવા પૂર્વેની પરીક્ષામાં બેસી ન શકે અથવા (ગ) સરકારને સંતોષ થાય એ રીતે અજમાયશી નિયમોની જોગવાઈ પૈકી કોઈ જોગવાઈ પૂરી કરી ન શકે અથવા (ઘ) અજમાયશી મુદ્દત સહિતની મૂળ નિમણૂંકની તારીખથી ૦૩ વર્ષની સેવા પૂર્ણ થયા પહેલાં સેવા છોડી દે તો સરકારે એમને આપેલી તાલીમના ખર્ચ ઉપરાંત અજમાયશી તરીકેની તેમની નિમણૂંકને પરિણામે તેમની તાલીમની મુદ્દત દરમિયાન સરકારે ચૂકવેલા પગાર અને ભથ્થાં પરત કરવા તેઓ અને તેમના જામીનો સંયુકત અને અલગ રીતે બંધાયેલા રહેશે અને પરત કરવામાં નહીં આવેલી રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

(૧૬) ઉમેદવારનું KARMYOGI એપ્લીકેશન (HRMS CELL, GAD) પર મેપિંગ કરાવી તેઓની રજાઓ તથા અન્ય બાબતો KARMYOGI એપ્લીકેશન ઉપર જ હાથ ધરવાની રહેશે.

(૧૭) આ ઉમેદવારે ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ના નિયમ-૧૯(ક) ની જોગવાઈ મુજબ તેઓની પ્રથમ નિમણૂક સમયે, તેમના પોતાના નામે અથવા તેમના કુટુંબની કોઈ વ્યક્તિના નામે અથવા અન્ય કોઈ વ્યક્તિના નામે, તેને વારસામાં મળેલ, તેમની માલિકીની પટ્ટે અથવા ગીરોથી સંપાદન કરેલ અથવા ધરાવેલ સ્થાવર મિલકત સંબંધિ પૂરેપૂરી વિગતો આપતું સરકારે નિયત કરેલ નમૂનામાં તેની સ્થાવર અસ્કયામતનું પત્રક રજૂ કરવાનું રહેશે. આ પત્રક KARMYOGI એપ્લીકેશન ઉપર ઓનલાઈન સબમિટ કરવાનું રહેશે. વધુમાં દર વર્ષે ડિસેમ્બર મહિનાની ૩૧ મી તારીખે પૂરી થતી મુદ્દતને આવરી લેતા દરેક વર્ષના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે નિયત નમૂનામાં વિગતો રજૂ કરવાની રહેશે.

(૧૮) મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ માં હાજર થયા બાદ સેવામાંથી રાજીનામું આપવા ઈચ્છતા અધિકારીઓના કેસ ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ અને ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ની જોગવાઈ મુજબ વિનિયમિત કરવામાં આવશે.

(૧૯) નોકરીની અન્ય શરતો, દા.ત. શિસ્ત-વર્તણૂક, પગાર-ભથ્થાં, રજા, પેશગીઓ વગેરે સરકારે વખતોવખત નક્કી કરેલ નિયમોથી વિનિયમિત થશે.

(૨૦) આ ઉમેદવાર મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ તરીકે હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષ સુધી દરેક વર્ષે તેમની કામગીરીના મુલ્યાંકન અહેવાલો સામાન્ય વહીવટ વિભાગના તા.૦૯/૦૬/૧૯૮૯ ના પરિપત્ર ક્રમાક:પીઆરઓ-૧૦૮૬-૫૦૬૮-ગ-૨ અન્વયે નિયત કરેલ પત્રકમાં ૦૩ (ત્રણ) નકલમાં સરકારશ્રીને નિયમિત રીતે મોકલવાના રહેશે તેમજ સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૩/૧૯૮૯ ના પરિપત્ર ક્રમાંક:પીઆરઓ-૧૦૮૧-૧૭-૯-ગ-૨ અન્વયે આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૨૧) તાલીમાર્થીની ૦૨ (બે) વર્ષની અજમાયશી તાલીમ પુર્ણ થયે, તાલીમ અંગેનો અહેવાલ તેમજ તાલીમાન્ત પરીક્ષાના પરિણામની નકલ સરકારશ્રીને મોકલવાની રહેશે.

(૨૨) આ અજમાયશી અધિકારી તાલીમ સમય દરમિયાન, જે તે તાલીમ કેન્દ્રના સંપૂર્ણ નિયંત્રણ હેઠળ રહેશે. તાલીમ દરમ્યાન તેઓએ જે તે તાલીમ મથકે નિવાસ કરવો ફરજિયાત રહેશે. જે કોઈ અજમાયશી અધિકારી હાજરીમાં અનિયમિત કે અન્ય ગેરશિસ્ત જણાશે તો સંબંધિત અજમાયશીની આવી ગેરશિસ્ત કે ગેરહાજરીને ગંભીર ગેરશિસ્ત ગણીને નિયમાનુસાર કાર્યવાહી કરશે.

(૨૩) બે વર્ષનો અજમાયશી સમય સંતોષકારક રીતે પુરો કર્યા બાદ અને તાલીમાન્ત પરીક્ષા તેમજ ખાતાકીય પરીક્ષાઓ પાસ કર્યા બાદ ઉપરોક્ત અધિકારીઓ મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ સમકક્ષ જગાઓ પૈકી રાજ્ય સરકાર નક્કી કરે તે કોઈપણ જગ્યાએ નિમણૂંક મેળવવાને પાત્ર બનશે અને આવી જગ્યાઓ પૈકી કોઈપણ જગાએ બદલીને પાત્ર થશે. સદરહુ ઉમેદવારનો અજમાયશી સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ તેમની નિમણૂંક નિયમિત ધોરણે થયેલી ગણાશે. આ ઉમેદવારે ગુજરાત સરકારના કાર્યક્ષેત્ર હેઠળ કોઈ પણ જગ્યાએ સેવાઓ આપવાની રહેશે. તેઓની નોકરી બદલીપાત્ર છે અને સરકારને જરૂર જણાય તે પ્રમાણે તેઓની બદલી કરી શકશે. તેમજ આ ઉમેદવારે જરૂર જણાય તો ભારતના સંરક્ષણ સાથે સંકળાયેલ કોઈ પણ સેવા અથવા તેને લગતી જગ્યાએ, જો તાલીમનો સમય હોય તો તે સહિત, ઓછામાં ઓછા ૦૪ (ચાર) વર્ષની મુદ્દત માટે સેવા આપવી પડશે.

(૨૪) અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સની કચેરીએ સંબંધિત અધિકારીઓની સેવાપોથી તૈયાર કરાવડાવી તેના પહેલા પાનાની પ્રમાણિત નકલ અત્રે મોકલી આપવાની રહેશે. જે અધિકારીઓ અજમાયશી

મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ તરીકેની નિમણૂંક પામે તે પહેલાં સરકારી/અર્ધ સરકારી સેવામાં હોય તેમના કિસ્સામાં તેમની અગાઉની સેવાપોથીના પ્રથમ પાનાની પ્રમાણિત નકલ અત્રે મોકલી આપવાની રહેશે. તેઓએ નાણાં વિભાગના તા.૨૮/૫/૨૦૦૪ના ઠરાવની જોગવાઈ મુજબ સરકારી સેવામાં દાખલ થયા તારીખથી છ માસની મુદ્દતમાં સક્ષમ સત્તાધિકારી સમક્ષ વતનના સ્થળ અંગે નોંધણી કરાવવાની રહેશે. આ નોંધ કરાવવાના સમયે વતનના સ્થળે અધિકારી સ્થાવર મિલકત ધરાવતા હોય અથવા નોકરીમાં જોડાયા તે પૂર્વે રહેતા હોય તેના અધિકૃત પૂરાવાની નકલ રજૂ કરવાની રહેશે અને તે સંબંધિત અધિકારીની સર્વિસબુકમાં ચોંટાડવાની રહેશે. પોતાની સર્વિસબુકમાં વતનના સ્થળની નોંધણી થઈ હોવા બાબતે અધિકારીએ જાતે ખાતરી કરી લેવાની રહેશે. સર્વિસબુકમાં નોંધણી કરવાની રહી જવા પામી હોવાની સ્થિતિમાં પ્રથમ નિમણૂક જે સ્થળે થઈ હશે તેને અધિકારીનું વતન સ્થળ ગણવાનું રહેશે. વતનના સ્થળ અથવા તેવા ફેરફાર અંગેની કોઈ રજૂઆતો વિચારણાને પાત્ર બનશે નહીં. વધુમાં અધિકારી પહેલેથી સરકારી/અર્ધ સરકારી સેવામાં હોય તેમના કિસ્સામાં તેઓએ નવેસરથી તેમના વતન અંગે એકરાર કરવાની જરૂર નથી. પરંતુ, આ અંગે સેવાપોથીમાં થયેલ વતનની નોંધની પ્રમાણિત નકલ આ વિભાગને મોકલવાની રહેશે.

(૨૫) ઉમેદવારને નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક:નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી થી ઠરાવેલ નવી વર્ધિત પેન્શન યોજના(NPS) અને સમાન ક્રમાંકના તા.૦૬/૦૬/૨૦૦૫ના ઠરાવથી બહાર પડેલ વચગાળાની સૂચનાઓ લાગુ પડશે.

(૨૬) આ નિમણૂક મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ લાયકાત અને ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૧ અન્વયે શારીરિક યોગ્યતા અંગેની તબીબી તપાસને અંતે નક્કી થનાર શારીરિક યોગ્યતા પ્રમાણપત્રને આધીન રહેશે.

(૨૭) આ નિમણૂંક સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨/૦૧/૧૯૭૦ના પરિપત્ર ક્રમાંક: પીએસસી/૧૦૬૮/જી અને તા.૧૯/૦૯/૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક : વીસીએ- ૧૦૨૦૧૬-૪૨૯૫૪૭-ગ. ૨ની જોગવાઈ અનુસાર સંબંધિત ઉમેદવારના પૂર્વ-ઈતિહાસ અને ચારિત્ર્ય અંગેના સંબંધિત પોલીસ અધિકારીના અહેવાલને આધીન રહેશે.

(૨૮) આ નિમણૂક અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોના કિસ્સામાં તે અંગેના અસલ પ્રમાણપત્ર/પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે અને આ નિમણૂક તેની ચકાસણી અને ખાતરી થયાની શરતને આધીન રહેશે.

૩. અધિકારીએ અજમાયશી સમય પૂરો કરીને, લાંબાગાળાની નિમણૂક મેળવ્યા બાદ ત્રણ વર્ષની સેવા બજાવવા અંગે આ સાથે બિડેલ નમૂના **પરિશિષ્ટ-૨ અને ૩** મુજબ સિક્યોરીટી અને સ્યોરીટી બૉન્ડ આપવાના રહેશે. આ સિક્યોરીટી અને સ્યોરીટી બૉન્ડ સંબંધિત અધિકારી તથા તેમના બે જામીનોને સંયુકત અને અલગ રીતે એમ બંને રીતે બંધનકર્તા રહેશે. દરેક અધિકારીએ પોતે રજૂ કરેલા દરેક જામીનો રુ.૫૦૦૦/- સુધીની રકમ માટે દાર અને હયાત છે, તેવા પ્રમાણપત્ર સાથે પોતાની, મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ તરીકેની નિમણૂકના હુકમ મળ્યાના એક માસની અંદર અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સની કચેરી ખાતે જમા કરાવવાના રહેશે. દારપણાનું પ્રમાણપત્ર નિયત નમૂનામાં અને જરૂરી કોર્ટ ફી, સ્ટેમ્પ સાથે આપવાનું રહેશે તથા દર વર્ષે તે રિન્યૂ કરાવીને રજૂ કરવાની જવાબદારી જે તે અજમાયશી અધિકારીની રહેશે.

૪. અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સની કચેરીએ ઉપર ફકરામાં જણાવ્યા મુજબ અધિકારીએ રજૂ કરેલ બાહેંધરી પત્ર, સિક્યોરીટી અને સ્યોરીટી બોન્ડ તેમજ દારપણાના પ્રમાણપત્રો બધી રીતે સંપુર્ણ હોવાની ખાતરી કરીને તે પ્રમાણેના શેરા સાથે સરકારશ્રીને મોકલશે અને તેમ કર્યાની જાણ એકાઉન્ટન્ટ જનરલ (એ એન્ડ ઈ.), રાજકોટને પણ કરશે. જ્યાં સુધી આ મુજબના દસ્તાવેજો રજૂ કરવામાં નહિ આવે ત્યાં સુધી અધિકારીને તેના પગાર અને ભથ્થાં માટે અધિકૃત કરવાના રહેશે નહિ.

૫. પ્રસ્તુત નિમણૂક નામદાર હાઈકોર્ટમાં હાલમાં પડતર SCA No.8074 of 2023, SCA No.2382 of 2025 ના અને આ સિવાય નામદાર કોર્ટમાં આ ભરતી પ્રક્રિયાને સંબંધિત કોઈ અદાલતી પ્રકરણ દાખલ થયેલ હોય અથવા ભવિષ્યમાં કોઈ અદાલતી પ્રકરણ દાખલ થાય તેમ હોય, તો તે અદાલતી પ્રકરણોના આખરી ચુકાદાને આધિન રહેશે.

૬. આ નિમણૂંકની સ્વીકૃતિની જાણ ઉલટ ટપાલે નાયબ સચિવશ્રી(સેવા), વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે.

(આસવ ગઢવી)
નાયબ સચિવ(સેવા)
વન અને પર્યાવરણ વિભાગ

બિડાણ: પત્રક અને પરિશિષ્ટ-૧, ૨ અને ૩

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્રથી)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી(વન અને પર્યાવરણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રા.ક.મંત્રીશ્રી(વન અને પર્યાવરણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્યસચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેકટર-૧૦, ગાંધીનગર.(પત્રથી)
- અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી, HRMS Cell, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, વન અને પર્યાવરણ વિભાગ, વેબસાઈટ પર પ્રસિદ્ધિ સારૂ.
- સુ. સોનલ રાજપૂત (મેરિટ ક્રમાંક-૧૩/એ)(By RPAD)
- નાયબ સેકશન અધિકારીની પસંદગી ફાઈલ-૨૦૨૫.
- શાખા પસંદગી ફાઈલ-૨૦૨૫.